Research Guru
Impact Factor:4.081
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# ડૉ.ગુણવંત શાહના શૈક્ષણિક વિચારો

**ડૉ.નિલેશ કાપડિયા**

આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં જાણીતા કેળવણીકાર, ચિંતક અને લોકપ્રિય કટાર લેખક ગુણવંત શાહના શિક્ષણ વિશેના વિવિધ વિચારો જેવા કે કેળવણીના હેતુઓ, અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ, શિક્ષક-વિદ્યાર્થી સંબંધ, શિક્ષક અને આચાર્યની ભૂમિકા, શિસ્ત, સ્ત્રી શિક્ષણ, જાતીય શિક્ષણ, શારીરિક શિક્ષણ, પરીક્ષા પદ્ધતિ, વ્યાવસાયિક અને ધાર્મિક શિક્ષણ, પ્રાર્થના, શિક્ષણનું માધ્યમ, ટ્યુશનપ્રથા અને આદર્શ શિક્ષણસંસ્થા કેવી હોય? આ અંગે ગુણવંત શાહના વિચારો રજૂ કરેલ છે. શિક્ષણ વિદ્યાર્થીને મુરઝાવી નાખે એવું નહીં પણ તેનો સર્વાંગી વિકાસ થાય તેવું હોવું જોઈએ. શિક્ષકનું ગૌરવ અને આચાર્યની પ્રતિષ્ઠા કેવી હોવી જોઈએ તદ્‌ઉપરાંત શિક્ષણની પ્રવર્તમાન દશા અને દિશા વિશે તેમનું ચિંતન જાણવા સંશોધકે પ્રયત્ન કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો** કેળવણી, તત્ત્વજ્ઞાન, શૈક્ષણિક વિચારો, અભ્યાસક્રમ, ચિંતન

**પ્રસ્તાવના**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી રાધાકૃષ્ણન કમિશન થી નૉલેજ કમિશનની ભલામણો દ્વારા શિક્ષણમાં પરીવર્તન કરવાનો સતત પ્રયત્ન થઈ રહ્યો છે. ભારતીય કેળવણીનાં ધ્યેય, અભ્યાસક્રમ, શૈક્ષણિક પદ્ધતિઓ, મૂલ્યાંકનમાં ઘણા પરીવર્તનો થયેલ છે. આમ છતાં કેળવણીનાં ક્ષેત્રમાં અનેક ગેરરીતિઓ પ્રવેશી છે. ત્યારે સાચી કેળવણી કોને કહેવાય? તેના ધ્યેયો કેવા હોવા જોઈએ? વર્તમાન કેળવણીની નિષ્ફળતા માટે કયા કારણો જવાબદાર છે? તેના નિવારણ માટે કયા પગલાં હાથ ધરવાં જોઈએ? શિક્ષક અને આચાર્યની ભૂમિકા શું છે? આ પ્રશ્નોના ઉકેલ મેળવવા માટે સંશોધકે ગુણવંત શાહની મુલાકાત લઈ ઉપરોક્ત પ્રશ્નોના જવાબ મેળવવા પ્રયત્ન કરેલ છે.

**આપ કયા શિક્ષણ ચિંતકથી વધારે પ્રભાવિત થાય છો ?**

જવાબ આપવો અઘરો છે પણ રવીન્દ્રનાથના શિક્ષણના વિચારો મને વધારે ગમે છે.

**શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન કયા વાદમાં શ્રદ્ધા છે ?** શિક્ષણવાદમાં.

**કેળવણીના મુખ્ય હેતુઓ કયા છે ?**

પ્રત્યેક માણસ ખુલે અને ખીલે એને જ મોક્ષ કહે છે. શિક્ષણ માટે કહેવાય છે: સા વિદ્યા યા વિમુક્તયે. માણસને ખીલવે એવી કેળવણી હોવી જોઈએ મુરઝાવી નાખે એવી નહીં. દા.ત. અત્યારે જે વિદ્યાર્થીને મેડિકલમાં નથી જવું તે વિદ્યાર્થીને એનો બાપ મેડિકલમાં ધકેલે છે. તો એ વિદ્યાર્થી મુરઝાઈ જવા માટે લાયક મુરતિયો બને. મારી દૃષ્ટિએ આ ગુનો છે. અત્યાચાર છે. આ ક્રૂરતા છે. એ સારો પેઈન્ટર થઈ શક્યો હોત, સારો ગીતકાર થઈ શક્યો હોત, સારો સુથાર થઈ શક્યો હોત, સારો એન્જિનિયર થઈ શક્યો હોત. એને આપણે મેડિકલમાં જ ધકેલવા માગીએ છીએ. એ સારો શિક્ષક બની શક્યો હોત, સારો કવિ બની શક્યો હોત. તેથી ટાગોરે કહ્યું હતું, 'માણસ પુષ્પની માફક ખીલે અને ખુલે'- આ શિક્ષણ છે.

**અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ?** જીવનક્રમને ખીલવે એવો.

**શિક્ષકે વર્ગશિક્ષણમાં કઈ પદ્ધતિ વાપરવી જોઈએ ?**

આખરે ટીચિંગ શું છે? મેં વારંવાર કહ્યું છે કે Teaching is reaching. વર્ગકાર્ય એ આખરે પ્રત્યાયન છે. It is a communication. હું વિદ્યાર્થીઓને મારા પ્રત્યાયન દ્વારા શું પહોચાડું છું ? પ્રત્યાયન દ્વારા હું માત્ર માહિતી નથી પહોંચાડતો, પણ હું માહિતી, જ્ઞાન, ડહાપણ, વલણો, આદર્શો, વિચારો અને રસ પહોચાડું છું. તેથી દયારામે કહ્યું કે, 'તુજ સંગે કોઈ વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો' શિક્ષકે આ વાક્ય સદા લખી રાખવું જોઈએ. તુજ સંગે વૈષ્ણવને આપણે શિક્ષણના કાર્યમાં એવું ગણીશું કે તુજ સંગે કોઈ વિચારપ્રેમી થાય, કોઈ માનવ થાય. એટલે હું સુંદરમ્ ની પંક્તિને જુદી રીતે કહું છું. એમણે કહેલું કે, 'હું માનવી, માનવ થાઉં તો ઘણું' તો હું શિક્ષકોને એમ જ કહું છું કે, 'હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું'.

**શિક્ષક વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ ?**

આ સંબંધ મૈત્રીપૂર્ણ હોવો જોઈએ. હવે પિતા પુત્ર વચ્ચે હોય એવા સંબંધના દિવસો ગયા. કારણ કે પિતા-પુત્ર વચ્ચે મૈત્રી હોય તો સંબંધ ટકે છે. તો શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એવો સંબંધ હોવો જોઈએ કે વિદ્યાર્થીનું તેજ પ્રગટ થાય તો એનું પોતીકું તેજ હોય તેવું લાગે. દા.ત. સૂર્યના કિરણો ચંદ્ર તરફથી આપણને મળે છે, ત્યારે આપણે ખાસ ઇરાદાપૂર્વક યાદ ન કરીએ તો આપણને ચંદ્રકિરણ જ લાગે છે. તેથી આપણે કહીએ છીએ કે 'શીતળ ચાંદની', 'શરદપૂર્ણિમાની શીતળ ચાંદનીના કિરણો' તો ચંદ્રકિરણોને શીતળ કેમ કહ્યાં ? શીતળ છે એટલા માટે જ નહી પણ એ વખતે આપણે ભૂલી જઈએ છીએ કે સૂર્યનાં કિરણો પરાવર્તિત થઈને આવ્યા છે. એ વિજ્ઞાનની હકીકત છે. પણ વાસ્તવમાં એમ જ લાગે છે કે ચંદ્ર છે. એ ચંદ્રનો જ પ્રકાશ છે. આપણે એમ નથી કહેતા કે સૂર્યનો પ્રકાશ પરાવર્તિત થઈને આવ્યો છે. પ્રકાશ સૂર્ય પાસેથી ઉછીનો લીધો હોવા છતાં એ ચંદ્ર પોતાનો બનાવીને આપણને આપે છે. તેમ ગુરુ પાસેથી ભણ્યો હોવા છતાં એ વિદ્યાર્થી એને 'Internalize' કરે અને પોતાનો બનાવીને આપે એવું કંઈક આપણે આપવું જોઈએ. એક દીવાને આપણે આગલા

દીવા દ્વારા પ્રગટાવીએ તો પેલો દીવો બીજા દીવાને પ્રગટાવી શકે છે. તે વખતે પેલો પૂછવા નથી જતો કે ગુરુદેવ આને પ્રગટાવોને.

**આપની દૃષ્ટિએ શિક્ષક કેવો હોવો જોઈએ ?**

શિક્ષક વિદ્યાપ્રેમી, જીવનપ્રેમી અને આનંદપ્રેમી હોવા જોઈએ. આપણા બધા ઋષિઓ શિક્ષક હતા એ જીવનપ્રેમી હતા. ઉદ્દાલક જીવનપ્રેમી હતા. આરૂણી જીવનપ્રેમી હતા. યાજ્ઞવલ્કય જીવનપ્રેમી હતા. દાદાગીરી કેટલી કે જનક રાજાએ શાસ્ત્રાર્થ ગોઠવ્યો અને બધા પંડિતો હાજર હતા અને જે જીતે એને સો ગાયો આપવાની. યાજ્ઞવલ્કય પરમ વિદ્વાન અને ઋષિ કોટીના પણ એમણે એમના શિષ્યને કહ્યું કે, 'આ સોએ સો ગાયો લઈ લે હું જીતવાનો છું.' હું જીતવાનો છું એવી ખાત્રી છે. આટલી દાદાગીરી. મને દાદાગીરી વગરના શિક્ષકો ગમતા નથી. નરમ ઘેંસ જેવા, ગમે તે માણસને સાહેબ કહે તેવા, ગમે તે આગળ ઝૂકી પડે એવા અને ટ્રસ્ટીઓને પણ મસકા મારે એવા. આવા શિક્ષકોને હું શિક્ષક નથી કહેતો, કારણ કે એમાંથી તેજ પ્રગટ થતું નથી. એક દાખલો આપું, ઇંગ્લેંન્ડમાં બુશબોય નામનો એક શિક્ષક હતો. અને ઇંગ્લેંન્ડના વડાપ્રધાન ગ્લેસ્ટન હતાં. એ ગ્લેસ્ટન નિશાળની મુલાકાતે આવ્યા તો બધા શિક્ષકોએ વર્ગની બહાર જઈને 'હેટ' કાઢી. ઇંગ્લેંન્ડનાં રિવાજ પ્રમાણે અભિવાદન કર્યું. બુશબોયે એમ ના કર્યું. ગ્લેસ્ટન ચાલ્યો ગયો પછી લોકોએ પૂછયું. 'અલ્યા બુશબોય ! તે ગ્લેસ્ટન આવ્યો ત્યારે સાદી સભ્યતા પણ ન બતાવી, સારી મેનર્સ પણ ન બતાવી?' તો બુશબોયનો જવાબ હતો કે : 'મેં ગ્લેસ્ટન આગળ કોઈ અવિવેક કર્યો નથી પણ મારા જે વિદ્યાર્થીઓ છે તેને એમ ના લાગવું જોઈએ કે મારા સાહેબ કરતાં પણ કોઈ મોટો સાહેબ છે.'

**આચાર્ય કેવો હોવો જોઈએ ?**

શિક્ષકોને સતત પ્રેરણા આપે એવો. નવું નવું વાંચવાનું કહે એવા અને પોતાની ચીવટ દ્વારા આખી નિશાળમાં ચીવટાઈના આંદોલનો ફેલાવે એવા અને શિક્ષકોને આદર આપવા ગમે એટલા વિદ્વાન. આજે કોઈપણ આચાર્ય વિદ્વાન હોય એને શિક્ષકો માન આપે છે. અમારા સાહેબ સંસ્કૃતમાં કોઈને ન ગાંઠે, એમ કહેતી વખતે શિક્ષકને ગૌરવ થાય છે અને આવું જ્યારે સ્ટેટ્સ હોય ત્યારે ડિસિપ્લીનના પ્રોબ્લેમ આપો આપ ટળે છે. એનો પ્રભાવ પડે છે. પ્રભાવ એટલે વિશિષ્ટ ભાવ. જ્યારે એને પોતાના વિષય પર પકડ હોય એને શીખવ્યા વગર ચેન જ ન પડે. એને થાય કે આજે મારો કોઈ ક્લાસ જ નથી, તો આજે નિશાળમાં આવ્યો એ બેકાર છે. હું કંઈ બેલ મારીને પટાવાળા પાસે ચા મંગાવવા માટે આ નોકરી કરૂં છું? મારે ભણાવવું છે. ક્લાસમાં ભણાવવું એને મિજબાનીનો દરજ્જો આપે એનું નામ આચાર્ય.

**શિસ્તની તમારી સંકલ્પના શું છે ?**

શિસ્તની સંકલ્પના એ કે એ સહજ હોય, અંદરથી ઊગેલી હોય અને લાદેલી ન હોય. Disciple પરથી જ Discipline શબ્દ આવ્યો છે. શિસ્ત શબ્દ શિષ્ય પરથી જ આવ્યો છે. શિષ્ય તે જે અનુશાસનમાં માને. અનુશાસન એટલે બહારનું શાસન નહીં અંદરથી ઊગેલુ શાસન. મહાભારતમાં

અનુશાસન પર્વ છે. બુદ્ધનું અનુશાસન જાણીતું હતું. હું તમને કહું કે તમે આજે ચોરી કરી ? કોણે કહ્યું કે તમે ચોરી ના કરશો. તમે ચોરી ના કરી. તમે એમ માનો છો કે ચોરી તો કરાય જ નહીં માટે તમે ચોરી ના કરી. તમારી ઉપર કોઈએ નિયમ લાદ્યો નથી. તમે કોઈનું ખિસ્સું કાતર્યું? તમને કોઈએ રોક્યા નથી. તમે એવું પણ નથી વિચાર્યું કે મારાથી તો ખીસ્સું કતરાય જ નહી. એની અવેરનેસ પણ નથી. દાખલા તરીકે તમે દરરોજ બ્રશ કરો છો તો તમારી માએ ફરજ પાડી માટે કરો છો ? તમને જ એનો ખ્યાલ આવી ગયો કે બ્રશ કરવું જોઈએ. આ અનુશાસન છે. તમે બ્રશ કર્યા વગર ચા પીતા નથી. એવો નિયમ કે સરક્યુલર બહાર પડ્યો છે ?

**સ્ત્રી શિક્ષણ માટેના આપના વિચારો જણાવશો?**

પુરુષ ભણે છે ત્યારે કોઈ એક જણ ભણે છે. સ્ત્રી જ્યારે ભણે છે ત્યારે કુટુંબના તમામ સભ્યો ભણે છે. એટલે મારું ચાલે તો પ્રાથમિક શાળામાં શિક્ષિકાઓ સિવાય શિક્ષકોને ના લઉં. જેમ એરહોસ્ટેસ સ્ત્રી જ હોય તેમ પ્રાથમિક શિક્ષિકા તો સ્ત્રી જ હોય. કારણ કે ઘર છોડતી વખતે બાળક જે 'shock' અનુભવે છે. એ શૉકને મીનીમાઈઝ કરવો હોય તો સ્ત્રી શિક્ષિકા જ હોવી જોઈએ. માતા છોડે છે તો એને બીજી માતા મળી જાય છે. પુરુષ શિક્ષકો પ્રાથમિક કક્ષાએ હોય એનો હું વિરોધી છું.

**જાતીય શિક્ષણ અંગે આપનું શું મંતવ્ય છે?**

અપાવવું જ જોઈએ અને સુપેરે અપાવવું જોઈએ. નહી તો પોળના નાકે ઓટલા પરથી ગંદુ શિક્ષણ મળી જ રહેશે અને જાતીય શિક્ષણ જે સ્કૂલોમાં સ્વચ્છપણે અપાતું નથી એ શાળાએ ગૂનો કર્યો છે.

**શારીરિક શિક્ષણ અંગે આપ શું માનો છો ?** ખાસ કોઈ વિચાર નથી.

**પરીક્ષા અને પરીક્ષાપદ્ધતિ અંગે શું મંતવ્ય છે ?**

પરીક્ષા જેટલી કૃત્રિમતાથી અત્યારે ચાલે છે તે મને માન્ય નથી. એવી પ્રથા હોવી જોઈએ કે વર્ષને અંતે શિક્ષકને પૂછવામાં આવે કે આમાંથી કયા વિદ્યાર્થીને નાપાસ કરવાના છે ? બાકીના બધા ઉપલા વર્ગમાં જાય. તમે એમ માનો કે આ અવ્યવહારુ વાત છે? પણ ઢેબરભાઈએ સ્થાપેલી રાજકોટની એક સ્કૂલમાં આ વર્ષોથી ચાલે છે. શિક્ષક કહી દે કે આ ઉપર જાય એ કક્ષાનો નથી. That is enough. પણ શિક્ષકને ત્રણ મહિના પહેલા પૂછવામાં આવે કે ત્રણ મહિના દરમિયાન જે પાંચ દસ નબળા વિદ્યાર્થીઓ પસંદ થયા હોય તેને વિશેષ શીખવવામાં આવે અને પાસ થવાને લાયક બનાવવામાં આવે. આનું નામ પરીક્ષા કહેવાય. આ કંઈ ટાળમટોળના રીંગણા છે કે આ રીંગણ નથી લેવા જેવું અને આ રીંગણ લેવા જેવું છે ? આ તો એને નાપાસ કરીને સાઇકોલોજીકલી ખલાસ કરી નાખીએ પછી કહે છે અમારી પરીક્ષા પદ્ધતિ Objective છે!

**વ્યાવસાયિક શિક્ષણ અંગે આપનું શું મંતવ્ય છે ?**

વ્યવસાયલક્ષી શિક્ષણ રામના જમાનામાં હતું. એને માટે શબ્દ હતો વાર્તા. વાર્તા એટલે સ્ટોરી નહીં. રઘુવંશના બધા રાજકુમારોને ત્રણ વિષય શીખવવામાં આવતા.

1. વાર્તા એટલે Vocational Education જેમાં ખેતી મુખ્ય હોય.
2. આન્વીષિક (Metaphysics) આધ્યાત્મિક અને
3. અર્થશાસ્ત્ર. આ ત્રણેય વિષયો રઘુવંશના બધા જ રાજકુમારોને શીખવવામાં આવતાં.

**ધાર્મિક શિક્ષણ કેવા સ્વરૂપમાં અપાવવું જોઈએ ?**

હું નથી માનતો કે ધાર્મિક શિક્ષણ અપાવવું જોઈએ. ફ્રાન્સ એક એવો દેશ છે કે જેની માધ્યમિક શાળાઓમાં 'ફિલોસોફી' શીખવાય છે. આપણે એમ માનીએ છીએ કે બી.એડ્.માં જ શીખવાય. આમ ફિલોસોફી શીખવો અને ધર્મની વાત જ ન લાવો.

**નીતિવિષયક શિક્ષણ કેવી રીતે આપવું ?**

નીતિ એ ફિલોસોફીનો જ ભાગ છે. ગ્રીક ફિલોસોફીમાં અસ્તિત્વ મીમાંસા (Ontology), અધ્યાત્મ મીમાંસા (Metaphysics) અને સૌંદર્ય મીમાંસા (Aesthetics) હતાં. સૌંદર્યમીમાંસાના બે ભાગ હતાં. 1. નીતિશાસ્ત્ર 2. સૌંદર્યશાસ્ત્ર. એટલે નીતિ ફિલોસોફીમાં આવી ગઈ.

**પ્રાર્થના વિશે શું મંતવ્ય છે ?**

પ્રાર્થના થવી જોઈએ. ફરજિયાતપણે નહીં. મૌન, ધ્યાન અને બીજી વાત મને સૂઝે છે કે ઓછામાં ઓછા દસ ભજનો આવડતાં હોવા જોઈએ અને ઓછામાં ઓછા પંદર-વીસ મંત્રો મોઢે હોય. શુદ્ધ ઉચ્ચારથી વેદગાન થતું હોય એવું લાગે. આટલું તો શિક્ષણે આપવું જોઈએ. આજે તો વૈષ્ણવજન ગાતાં પણ ન આવડે.

**શિક્ષણમાં નૂતન પ્રયોગો કેવા હોવા જોઈએ ?**

નૂતન હોવા જોઈએ. દા.ત. ઢેબરભાઈની સ્કૂલની મેં વાત કરી એ પ્રયોગ કહેવાય. બીજી સ્કૂલમાં નથી થતું. તમને દાખલો આપું. ચંદુલાલ નાણાવટી કન્યા વિદ્યાલય બોમ્બે. એમાં વજુભાઈ પટેલ નામના માધ્યમિક શાળાના આચાર્ય હતાં. એમણે કેટલાય વર્ષો સુધી સુપરવાઈઝર વગર પરીક્ષાઓ લીધી. નિરીક્ષકની ગેરહાજરીમાં ચોરી બિલકુલ ન થાય. ઉપરાંત નિશાળમાં એક પણ પટાવાળો નહીં. આચાર્ય પણ ઉઠીને તમને પાણી આપે. તો આ બે પ્રયોગ અભિનવ પ્રયોગો થયા. આમ દરેક આચાર્યને કંઈને કંઈ પોતાની ધૂન પ્રમાણે પ્રયોગ કરવાની છૂટ હોવી જોઈએ અને આચાર્ય પાસે આવી ધૂન હોવી જોઈએ. જે આચાર્ય પાસે ધૂન નથી, ગાંડપણ નથી. પાગલપણ નથી એ શું કરવાનો છે?

**શિક્ષણનું માધ્યમ કયું હોવું જોઈએ અને અંગ્રેજી કયા ધોરણથી શીખવવું જોઈએ ?**

માતૃભાષા જ હોવું જોઈએ. દા.ત. મહારાજા સયાજીરાવે બરોડામાં આજથી પચાસ વર્ષ પહેલા યુનિવર્સિટી સ્થાપી. ત્યારે Faculty of Technology જેને કલાભવન કહે છે. એમાં ગુજરાતી માધ્યમનો આગ્રહ રાખેલો. આજે પચાસ વર્ષે આવો પ્રશ્ન પૂછવો પડે છે. That is out of colonial mind. અંગ્રેજી પાંચમાં ધોરણથી શીખવવું જોઈએ પણ માધ્યમ તરીકે નહીં. English should be taught well as a subject but not as a medium.

**ટ્યુશનપ્રથા ઉપર આપના વિચારો જણાવશો.**

ટ્યુશન સ્વયં ખરાબ વસ્તુ નથી. ટ્યુશન કરનાર માણસે અમુક નિયમો પાળવા જોઈએ. બધી વસ્તુમાં મર્યાદા હોય છે. એમ ટ્યુશનમાં મર્યાદા હોવી જોઈએ. પણ હું શિક્ષકોના ટ્યુશન પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં નથી. એક બિઝનેસમેન પોતાની ખાસ આવડતથી લક્ષાધિપતિ થઈ શકે, તો જે શિક્ષકને ત્યાં વિદ્યાર્થીઓ જાય છે ત્યાં કંઈક મળતું હશે તો જ વિદ્યાર્થીઓ જતા હશે. એ શિક્ષક પાસે કંઈક દૈવત છે માટે જતા હશે. પણ એ શિક્ષક પ્રશ્નપત્ર ફોડી દેતો હોય તો એને સખતમાં સખત સજા થવી જોઈએ.

**આપની કલ્પનાની સુંદર શિક્ષણસંસ્થા કેવી હોય?**

જ્યાં રહી પડવાનું મન થાય તેવી. જ્યાંથી વિદ્યાર્થીને છોડવાનું ન ગમે. આજે અમેરિકામાં અને આપણા દેશમાં આવી સંસ્થાઓ છે. કારણ કે ત્યાં સ્વીમીંગ પુલ હોય, ત્યાં મ્યુઝિક હોય, ત્યાં ડાન્સિંગ હોય, ત્યાં રમતગમત હોય. Why should they leave? એને કહેવું પડે કે ઘેર જા. નિશાળ છુટે પછી પણ વિદ્યાર્થીને લેવા માટે મા-બાપે આવવું પડે. કેમ ઘરે નથી આવવું? એનું નામ નિશાળ કહેવાય. અહીંયા તો ઘંટ પડે પછી પાંચ મિનિટમાં એક પણ છોકરું દેખાતું નથી. બુલેટ છૂટે તેમ છૂટે છે. જાણે કટોકટી પૂરી થઈ.

**ફલિતાર્થો** પ્રસ્તુત અભ્યાસના ફલિતાર્થો આ પ્રમાણે છે.

- શિક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની શક્તિઓ, કુશળતાઓ અને અભિરૂચિઓનું સર્જન થાય તેવું હોવું જોઈએ.
- વર્ગશિક્ષણ ફક્ત માહિતી આધારીત નહીં પરંતુ જીવન કૌશલ્યોને ખીલવે તેવું હોવું જોઈએ.
- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધ સર્જાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.
- શિક્ષક વાંચવાની, વિચારવાની અને વિરોધ કરવાની સાત્વિક તાકાત ધરાવતો હોવો જોઈએ.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આચાર્ય સતત પ્રેરણારૂપ હોય.
- શિસ્ત લાદેલી નહીં પરંતુ અંદરથી ઉગેલી હોવી જોઈએ.
- સ્ત્રી શિક્ષણ સામાજિક ઉન્નતી માટેની પૂર્વશરત છે.
- સ્વસ્થ સમાજ માટે શાળાઓમાં જાતીય શિક્ષણ અનિવાર્ય અપાવવું જ જોઈએ.
- પરીક્ષા પદ્ધતિ ગોખણપટ્ટી આધારિત નહીં પરંતુ જીવનક્રમ ખીલવે તેવી હોવી જોઈએ.
- ધાર્મિક શિક્ષણ નવા યુગને અનુરૂપ અને ફિલોસોફી દ્વારા અપાવવું જોઈએ.
- શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો કોઈ વિકલ્પ ન હોવો જોઈએ.

**ઉપસંહાર**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ગુણવંત શાહના શૈક્ષણિક વિચારો જાણવા પ્રયત્ન કરેલ છે. પ્રવર્તમાન સમયમાં વિદ્યાર્થી, માતા-પિતા, શિક્ષક અને સમાજ વચ્ચે કોઈ તાલમેલ જોવા મળતો નથી. પૈસા (Money) અને પદ (Designation) જ જીવનનું અંતિમ અને એકમાત્ર લક્ષ્ય હોય ત્યારે માનવ મૂલ્યોની વાત પોથીમાંના રીંગણા જેવી લાગે છે. આજનું શિક્ષણ માહિતીપ્રધાન શિક્ષણ છે. ફક્ત બુદ્ધિને ધારદાર બનાવતા શિક્ષણ પર ભાર દેવાય છે. વિદ્યાર્થી ગમે એટલો હોંશિયાર ડૉક્ટર કે એન્જિનિયર થાય, પણ જ્યાં સુધી એ સારો માણસ ન થાય ત્યાં સુધી બધું જ એકડા વિનાના મીંડા જેવું લેખાય. આ સમયે ખરી કેળવણી, સાચી શિક્ષણ પદ્ધતિ, શિક્ષક, આચાર્ય, વિદ્યાર્થી, અભ્યાસક્રમ, શિસ્ત, સ્ત્રી શિક્ષણ અને જાતીય શિક્ષણ બાબતે ગુણવંત શાહના વિચારો દિવાદાંડીની ગરજ સારે છે.

**સંદર્ભસૂચિ**

કાપડિયા, નિ. (1998). *ગુણવંત શાહના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

દલાલ, સુ. (1995). *ટહુકો: ગુણવંત વિશેષ.* અમદાવાદ: ઈમેજ પબ્લિકેશન.

શાસ્ત્રી, જ. (1998). *કેળવણીના તાત્ત્વિક આધારો.* અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ.